જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૭/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૨૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૧૧૩ લીટર દેશી દારૂ, ૩૫૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬૮ બિયર ટીન, ૦૩ સ્કુટર અને ૦૩ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૫૧,૧૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૨૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૨૮/૨૦૨૫**

અમરાઈવાડીઃ વિજયકુમાર કનૈયાલાલ મજીઠીયા (ઉ.વ.૪૯)(રહે.નુતન પાટીદાર સોસાયટી ભૈરવનાથ રોડ જવાહર ચોક મણીનગર) એ તા.૨૪/૦૭/૨૦૨૫ ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૮/૨૦૧૮ થી તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન અમરાઈવાડી ખોખરા સર્કલ પાસે સમેટ બીઝનેસ પાર્ક ખાતે "શંશાક ટેક્ષટાઈલ ફર્મ" નામની પેઢીમાં ભાગીદારી પેઢીમાં વિજયકુમારના ભાગીદાર પ્રમોદ રામમણી શુકલા (રહે.પરીષ્કાર ફ્લેટ ખોખરા સર્કલ પાસે ખોખરા હાલ રહે.પુષ્કર હિલ ત્રિકમ પુરા પાટીયા શિવાનંદ બંગ્લોઝ સામે જશોદાનગર) એ વિજયકુમારને તથા તેમના ભાગીદાર જયદિપસિંહ રાઠોડને વિશ્વાસમાં લઈ, તેઓના ઓળખીતા વેપારીઓને ઉધાર માલ અપાવી, તેના રૂપિયા વિજયકુમારની જાણ બહાર "શંશાક ટેક્ષસ્ટાઈલ્સ ફર્મ" ના ભાગીદારી તરીકે પ્રમોદ શુકલાએ રોકડ થી તેમજ ચેક થી તેમજ અમુક માલ પરત લઈ તેમજ માલ સામે માલ લઈ તમામ વેપારીઓ પાસેથી વિજયકુમારની ફર્મને લેવાના નિકળતા રૂપિયા પ્રમોદ શુકલાએ મેળવી લઈ, શંશાક ટેક્ષસ્ટાઈલ્સ ફર્મના ખાતામાં રૂપિયા ૬૪,૩૮,૦૦૦/– જમા નહી કરાવી વિજયકુમારની "શંશાક ટેક્ષટાઈલ ફર્મ" નામની પેઢી સાથે છેતરપીંડી કરી હતી. જે "શંશાક ટેક્ષટાઈલ્સ ફર્મ" માં વિજયકુમારની ભાગીદારી ૪૨.૫% તથા બીજા ભાગીદાર જયદીપસિંહ રાઠોડ ની ભાગીદારી ૧૫% તથા આરોપી પ્રમોદ શુકલાની ભાગીદારી ૪૨.૫% લેખે હોય, પ્રમોદ શુકલાએ વિજયકુમાર સાથે કુલ રૂપિયા ૩૭,૦૧,૮૫૦/– છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.રોહીત ચલાવે છે.

રામોલઃ જીતેન્દ્રભાઈ સ/ઓ રમેશભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૯)(રહે.ત્રીદેવપાર્ક સોસાયટી સહજાનંદ સ્કુલ પાસે, મેટ્રો પિલ્લર નંબર–૧૨૯ સામે વસ્ત્રાલ) એ તા.૨૪/૦૭/૨૦૨૫ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૧/૨૦૨૩ થી તા.૨૧/૦૭/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ઉમેશભાઈ છગનલાલ શાહ (રહે.દેવનંદન સોસાયટી સુપ્રીમ ફ્લેટ સામે વસ્ત્રાલ) એ જીતેન્દ્રભાઈ પ્રજાપતિને વિઝા કઢાવી આપવા બાબતે ભરોસો આપી વિશ્વાસ કેળવી તેમની પાસેથી કુલ રૂપિયા ૩,૫૫,૦૦૦/– મેળવી લઈ, વિઝા નહી આપી તેમજ આપેલ રૂપિયા પરત નહી આપી જીતેન્દ્રભાઈ પ્રજાપતિ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.મકાવાણા ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ આશાબહેન વા/ઓ ભરતભાઈ શાહ (ઉ.વ.૫૩)(રહે.પ્રમુખપાર્ક સોસાયટી, ૧૩૨ ફૂટ રીંગ રોડ, એ.ઈ.સી.ઝોનલ ઓફીસ પાછળ, નારણપુરા) એ તા.૨૪/૦૭/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૬/૨૦૨૫ થી તા.૦૨/૦૭/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૮૩૩૭૯૨૬૦૮૮ ના ધારકે આશાબહેનને ફોન કરી પોતે અંધેરી પોલીસ સ્ટેશન, મુબંઈથી વાત કરતા હોવાનું તેમજ તમારા આધારકાર્ડ નંબર પરથી નવી મુબંઈ, ખારઘર ખાતે કેનેરા બેન્કમાં ખાતુ ખોલવામાં આવેલ હોવાનુ કહી, વોટ્સએપ વિડીયો કોલથી આશાબહેનનુ સ્ટેટમેન્ટ લેવા અંગેની વાતચીત કરી, વિડીયો કોલ કરી આશાબહેન શાહ નાઓને નરેશ ગોયલનાની વિરૂધ્ધમાં દાખલ મની લોન્ડ્રીંગના ગુનામાં સંડોવાયેલ હોવાનુ તથા મનીલોન્ડ્રીંગના નાણાં ૬૭૦ કરોડ આ બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર થયેલ હોવાનુ જણાવી આશાબહેનનુ આધારકાર્ડ જોઈ, તેમના પરીવારના સભ્યોની માહિતી તથા નામના બેંક ખાતા તેમજ બીજા બેંક ખાતાઓ તપાસવાના હોવાની હકિકત જણાવી, તે અંગેના અલગ-અલગ બનાવટી લેટરના ફોટા જેમાં (TELECOM REGULARITY AUTHORITY OF INDIA (TRAI) તથા RESERVE BANK OF INDIA તથા GOVERNMENT OF INDIA, ENFORCEMENT OF DIRECTORATE) મોકલી આપી તેમજ પોલીસ આઇ.કાર્ડનો ફોટો મોકલી આપી, બેંક ખાતામાં કેટલુ બેલેન્સ છે તે ચેક કરી તેના 1% જેટલી રકમ બેંક ખાતામાં રાખી બાકીની રકમ તેઓ દ્વારા જણાવવામાં આવેલ બેંક ખાતામાં આર.ટી.જી.એસ. મારફતે ટ્રાન્સફર કરવાનું જણાવી, તેમજ આ નાણાં તપાસ બાદ પરત મળી જશે તેવો વિશ્વાસ અપાવી, આ અંગેની જાણ કોઇને નહી કરવાનું જણાવી અને "જો કોઇને જાણ થશે તો તમારા પતિની આ કેસમાં ધરપકડ કરી લેવામાં આવશે" તેવી હકિકત કહી, આશાબહેનને ડરાવી ભય બતાવી વોટ્સએપ વિડીયો કોલથી સતત સર્વેલન્સ રાખી, આશાબહેનના બેંક ખાતામાં રહેલ નાણાં બ્લેક મનીના છે કે કેમ? તે તપાસ બાદ પરત મળી જશે તેવો ભરોસો અપાવી, આશાબહેન તથા તેમના પતિના જોઇન્ટ બેંક ખાતામાંથી અલગ-અલગ બેંક ખાતાઓમાં જુદી-જુદી રકમ મળી કુલ રૂપિયા ૧૪,૮૫,૦૨૩/- RTGS મારફતે ભરાવડાવી રૂપિયા પરત નહીં આપી છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.પી.પટેલ ચલાવે છે.

ઘાટલોડીયાઃ પ્રણવ દશરથભાઇ પટેલ (ઉ.વ.૩૨)(રહે.અર્જુન એપાર્ટમેન્ટ, કર્મચારીનગર સ્કુલ સામે અર્જુન ટાવર રોડ ઘાટલોડીયા) એ તા.૨૪/૦૭/૨૦૨૫ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે ઓકટોબર/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) રૂષભ પ્રદીપકુમાર વોરા (રહે.ગ્રીનપાર્ક એપાર્ટમેન્ટ સોલા રોડ નારણપુરા) અને (૨) યશ વિરભુષણ મહેતા (રહે.અપુર્વ બંગલો ભુંયગદેવ) એ ભેગામળી પ્રણવ પટેલને "ક્રેડીટ કાર્ડ સ્વાઇપ કરવા પેટે સારૂ કમીશન મળશે" તેમ કહી લાલચ આપી વિશ્વાસમાં લઇ પ્રણવ પટેલ અને તેમના સગાસંબંધીઓ તેમજ મિત્રોના ક્રેડીટ કાર્ડ મેળવી લઇ, તેનો ઉપયોગ કરી બે-ત્રણ મહીના સુધી કમીશન આપી ત્યારબાદ કમીશન આપવાનુ બંધ કરી ક્રેડીટ કાર્ડના કુલ રૂપિયા ૩૧,૬૮,૦૦૦/- ના બીલ આજદીન સુધી નહી ભરી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

સોલા હાઇકોર્ટઃ કનૈયાલાલ સ/ઓ અણદાભાઇ પ્રજાપતિ (ઉ.વ.૪૩)(રહે.નીતીનનગર વિભાગ-૩ જનતાનગર રેલ્વે ક્રોસીંગ પાસે ચાણક્યપુરી ઘાટલોડીયા) એ તા.૨૪/૦૭/૨૦૨૫ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૪/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) હાર્દીકગીરી મહેન્દ્રગીરી ગોસ્વામી (રહે.રણછોડરાયનગર-૩, હીંદી સ્કુલ સામે, ચાંદલોડીયા) અને (૨) ભાવનાબહેન નાથુભાઇ વાઘેલા (રહે. આંબાવાડી સર્કલ પાસે અમુલ પાર્લરની બાજુમાં સરદારનગર) એ ભેગામળી ગોતા વંદેમાતરમ હીમાલયા પી.એમ.આવાસ યોજનામાં મકાન અપાવવાનુ કહી, કનૈયાલાલ પ્રજાપતિ પાસેથી રૂપિયા ૩,૦૩,૭૦૦/- મેળવી લઇ મકાન નહી આપાવી તેમજ આપેલ રૂપિયા પરત નહી આપી કનૈયાલાલ પ્રજાપતિ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

સેટેલાઇટઃ દિલીપકુમાર શંભુભાઇ પટેલ (ઉ.વ.૬૫)(રહે.અવધ બંગલોઝ મોદી મેન્સનની બાજુમા આંબલી બોપલ રોડ આંબલી ગામ) એ તા.૨૪/૦૭/૨૦૨૫ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઇટ ઓફિસ નંબર ૧૧૧૮ શિવાલીક શિલ્પ ઇસ્કોન ચાર રસ્તા સેટેલાઇટ ખાતે આરોપી રાકેશ ભીખાભાઇ શાહ (એમાર્વી વર્લ્ડ)(ઓફીસ:-મોન્ડેલ હાઇટસ નોવોટેલ હોટલ પાસે એસ.જી.હાઇવે રહે.રત્નાકર એવન્યુ પ્રેરણાતીર્થ દેરાસર પાસે સેટેલાઇટ) એ તેમના ધંધામા રોકાણ કરી સારૂં વળતર આપવાનો વિશ્વાસ આપી, દિલીપકુમાર પટેલ પાસેથી કુલ રૂપિયા ૨,૨૬,૩૦,૦૦૦/- મેળવી લઇ, રૂપિયા પરત નહીં ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જી.દુધરેજીયા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૦૨૯/૨૦૨૫**

બાપુનગરઃ સેજલબેન વા/ઓ રાજુભાઇ પટણી (ઉ.વ.૩૪)(રહે. ગુ.હા.બોર્ડ, આલોક ફટાકડાની બાજુમાં, બાપુનગર) એ તા.૨૪/૦૭/૨૦૨૫ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૭/૨૦૨૫ સવારના ૯/૩૦ થી તા.૨૪/૦૭/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૪૨,૫૦૦/- અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૭,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.ચૌધરી ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૦૩૦/૨૦૨૫**

વટવા જીઆઇડીસીઃ કૃષ્ણચંદ સ/ઓ મોહન મિશ્રા (ઉ.વ.૫૭)(રહે.વિનોબાભાવેનગર, વિંઝોલ, તા-દસકોઇ જી-અમદાવાદ) તા.૨૩/૦૭/૨૫ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે વટવા જીઆઇડીસી ફેઝ-૦૧, વેલબોર એન્જીનીયરીંગ ખાતે કામ કરતા હતા ત્યારે મુવમેન્ટ ક્રેઇનનો હુક તુટી જતા, કૃષ્ણચંદ મિશ્રાના માથા ઉપર પડતા ગંભીર ઇજા થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પુનમભાઈ વિઠલભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૦૩૧/૨૦૨૫**

ખોખરાઃ પ્રશાંત કીશનસિંગ રાજપુત (ઉ.વ.૩૨)(રહે.મયુર એપાર્ટમેન્ટ જુના રેલ્વે ક્રોસિંગ પાસે મણીયાસા સોસાયટી પાસે, ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૭/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.સી.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી